Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

આજનો સુવિચાર
અસ્તિત્વ પર ઘણાં ઉઝરડાં થાય છે, ત્યારે એક માણસ સમજદાર થાય છે

# વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD)
ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2023
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૨૭ મે, ૨૦૨૩
27/5/2023 * VOL : 43 * NO. 252 સંવત- ૨૦૭૮, જેઠ સુદ-૭

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel
RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) ફોન : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૦, જાહેરાત : ૦૭૯-૨૬૪૦ ૨૮૮૧

# નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન મોદી જ કરશે

## રાષ્ટ્રપતિના હસ્તે ઉદ્‌ઘાટનની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી





**નવી દિલ્હી,**
નવા સંસદ ભવનને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે છેલ્લા ઘણા દિવસોથી શબ્દ યુદ્ધ ચાલી રહ્યું છે. વિપક્ષ પીએમ મોદી દ્વારા સંસદભવનના ઉદ્‌ઘાટનનો વિરોધ કરી રહ્યો છે અને ઘણી પાર્ટીઓએ આ કાર્યક્રમનો બહિષ્કાર કરવાની વાત કરી છે. દરમિયાન આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે, જેની સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે જાહેર હિતની આ અરજીને ફગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દેતા અરજદારને ઠપકો પણ આપ્યો છે. કોર્ટે કહ્યું, અમને ખબર છે કે આ અરજી શા માટે દાખલ કરવામાં આવી છે? આભારી બનો કે અમે તમને દંડ કરતા નથી.

આ પીઆઈએલ સુપ્રીમ કોર્ટના વકીલ સીઆર જયા સુકિને દાખલ કરી હતી. તેમણે અરજીમાં કહ્યું હતું કે, ઉદ્‌ઘાટન સમારોહમાં રાષ્ટ્રપતિને સામેલ ન કરીને ભારત સરકારે ભારતીય બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. આમ કરવાથી બંધારણનું સન્માન થતું નથી. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સંસદ એ ભારતની સર્વોચ્ચ વિધાયક સંસ્થા છે. ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિ અને બે ગૃહો રાજ્યસભા અને લોકોનું ગૃહ, લોકસભાનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ પાસે કોઈપણ ગૃહને બોલાવવાની અને રદ કરવાની સત્તા છે. આ સાથે, રાષ્ટ્રપતિ પાસે સંસદ અથવા લોકસભાને ભંગ કરવાની સત્તા પણ છે.

## આઝાદીના ૭૫ વર્ષની યાદગીરી નિમિત્તે રૂા.૭૫નો સિક્કો લોન્ચ કરાશે

**નવી દિલ્હી,**
દેશને ટૂંક સમયમાં નવું સંસદભવન મળી જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ મેના રોજ નવા સંસદભવનનું ઉદઘાટન કરશે. આ પ્રસંગે ખાસ ૭૫ રૂપિયાનો સિક્કો લોન્ચ કરવામાં આવશે. નાણાં મંત્રાલયે ગુરુવારે આ માહિતી આપી છે. આ સિક્કો ભારતની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થવાનું મહત્ત્વ પણ દર્શાવશે. આ ૭૫ રૂપિયાના સિક્કાની એક તરફ અશોક સ્તંભનો સિંહ હશે. એની નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે. એની ડાબી બાજુએ દેવનાગરી લિપિમાં 'ભારત' અને જમણી બાજુ અંગ્રેજીમાં 'ભારત' લખેલું હશે.

આ સિક્કામાં રૂપિયાનું પ્રતીક પણ હશે અને અંકોમાં ૭૫ લખેલું હશે. સિક્કાની બીજી બાજુ સંસદની તસવીર હશે. અહીં ઉપરની બાજુએ દેવનાગરી લિપિમાં 'સંસદ સંકુલ' અને નીચેની બાજુએ અંગ્રેજીમાં 'સંસદ સંકુલ' લખવામાં આવશે.

નાણાં મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૭૫ રૂપિયાનો સિક્કો ગોળ હશે. એનો વ્યાસ ૪૪ મીમી છે. એનું વજન ૩૫ ગ્રામ હશે. આ સિક્કો ૫૦% સિલ્વર, ૪૦% કોપર, ૫% નિકલ અને ૫% ઝિંકના મિક્સરમાંથી બનાવવામાં આવ્યો છે. સિક્કાની એક તરફ અશોક સ્તંભ હશે, જેની નીચે સત્યમેવ જયતે લખેલું હશે. નવા સંસદભવનના ઉદઘાટનને હવે ૨ દિવસ બાકી રહ્યા છે, પરંતુ આ મામલે કોંગ્રેસ અને ભાજપ આમને-સામને આવી ગયાં છે. કોંગ્રેસે સેંગોલ (રાજદંડ) પરના ભાજપના દાવાઓને કાલ્પનિક અને બોગસ ગણાવ્યા છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે સત્તાના હસ્તાંતરણના પ્રતીક તરીકે બ્રિટિશ સત્તાના હસ્તાંતરણ સમયે નેહરુને સેંગોલ (રાજદંડ) સોંપવામાં આવ્યો હોવાના કોઈ દસ્તાવેજી પુરાવા નથી. આને લગતા તમામ દાવા બોગસ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સત્યેન્દ્ર જૈનને સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા

**(એજન્સી)નવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે દિલ્હીના પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનને મેડિકલ આધાર પર જામીન આપ્યા છે. સુપ્રિમ કોર્ટે સત્યેન્દ્ર જૈનને શરતો સાથે વચગાળાના જામીન આપ્યા છે. મેડિકલ આધાર પર આ જામીન આપવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે સ્વાસ્થ્યના કારણોસર છ અઠવાડિયા માટે વચગાળાના જામીન આપી રહ્યા છીએ. આ દરમિયાન તે પોતાની પસંદગીની ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર કરાવી શકે છે. સાથે જ સુપ્રીમ કોર્ટે કહ્યું કે જૈન દિલ્હીની બહાર જઈ શકશે નહીં. આ સાથે કોર્ટે સત્યેન્દ્ર જૈનને ૧૦ જુલાઈના રોજ કોર્ટમાં હેલ્થ રિપોર્ટ જમા કરાવવા માટે કહેવામાં આવ્યું છે. આ કેસની આગામી સુનાવણી ૧૧ જુલાઈએ થશે. સુપ્રીમ કોર્ટે જૈનને આ મામલે મીડિયા સાથે કોઈપણ રીતે વાતચીત કે સંપર્ક ન કરવા જણાવ્યું છે.

### લંડનમાં ૧૪૩ કરોડમાં વેચાઈ ટીપુ સુલ્તાનની તલવાર

**(એજન્સી)નવી દિલ્હી,**
અંગ્રેજો દ્વારા ભારતમાંથી લેવામાં આવેલા ઘરેણાં-ઝવેરાત અને અન્ય મૂલ્યવાન વસ્તુઓ આજે પણ અદ્‌ભુત છે. બ્રિટિશ સરકાર તેમના પ્રદર્શન અને હરાજીમાંથી કરોડોની કમાણી કરે છે. હવે અહીં એક તલવાર વેચવામાં આવી છે. બ્રિટનની રાજધાની લંડનમાં ટીપુ સુલતાનની તલવાર ૧૪૩ કરોડ રૂપિયામાં વેચાઈ છે. લંડનમાં વેચાયેલી આ તલવાર અત્યાર સુધીની સૌથી મોંઘી ભારતીય અને ઈસ્લામિક વસ્તુ બની ગઈ છે. ટીપુ સુલતાનની આ તલવાર ૧૮મી સદીમાં બની હતી અને ભારત છોડીને ગયેલા અંગ્રેજો તેને પોતાની સાથે લઈ ગયા હતા. મુઘલોના શસ્ત્ર નિર્માતાઓએ જર્મન બ્લેડ જોઈને ટીપુની તલવાર બનાવી હતી.

### ઈમરાનના વધુ ત્રણ નેતાઓએ પાર્ટી છોડી

**(એજન્સી)ઈસ્લામાબાદ,**
પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના વધુ ત્રણ નેતાઓએ ઈમરાન ખાનની પાર્ટી તહેરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) છોડવાની જાહેરાત કરી હતી. ૯ મેના રમખાણો બાદ ઘણા નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. અહેવાલ અનુસાર મલીકા બુખારીએ ઈસ્લામાબાદમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, 'હું ૯ મેના રોજ બનેલી ઘટનાઓની નિંદા કરું છું. ૯ મેના રોજ બનેલી ઘટના દરેક પાકિસ્તાની માટે ખૂબ જ પીડાદાયક છે. પીટીઆઈ પાર્ટીથી અલગ થવાની જાહેરાત કરતા બુખારીએ કહ્યું કે તે કોઈના દબાણમાં નથી અને કોઈએ મને આ નિર્ણય લેવા દબાણ કર્યું નથી. તેમણે કહ્યું કે એક વકીલ તરીકે હું પાકિસ્તાનમાં સકારાત્મક ભૂમિકા ભજવવા માંગુ છું. હું પણ મારા પરિવાર સાથે સમય પસાર કરવા માંગુ છું. મલીકા બુખારીએ અદિયાલા જેલમાંથી મુક્ત થયાના કલાકો પછી પાર્ટી છોડવાની જાહેરાત કરી હતી, જ્યાં તેમને જાહેર વ્યવસ્થાની જાળવણીની કલમ ૪ હેઠળ ધરપકડ કરવામાં આવ્યા બાદ મોકલવામાં આવી હતી.

## દિલ્હી-એનસીઆરમાં વરસાદ પડતાં લોકોને ગરમીથી રાહત

**(એજન્સી)નવી દિલ્હી,**
ઝડપી પવન અને વરસાદના કારણે હવે દિલ્હી-એનસીઆરના લોકોને ગરમીથી રાહત મળી છે. મોડી રાતે પડેલા વરસાદથી લોકોએ રાહતનો શ્વાસ લીધો. હવામાન વિભાગે પહેલા જ વરસાદ અને વાવાઝોડાની આગાહી વ્યક્ત કરી હતી. દિલ્હીમાં આજ સવારથી જ આંશિક રીતે વાદળ છવાયેલા છે. મેદાની રાજ્યોમાં આ વરસાદ ગરમીમાં રાહત બનીને આવ્યો છે તો ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને કરા પડવાના એલર્ટે ત્યાંના નાગરિકોને ચિંતામાં નાખી દીધા છે. પહાડી વિસ્તારોમાં ભારે વરસાદ અને વાવાઝોડાથી ભૂસ્ખલન થવાની પ્રબળ સંભાવના છે. આ વરસાદથી રાજ્યમાં ચાલુ ચારધામ યાત્રા પર પ્રભાવ પડી શકે છે. દિલ્હી-એનસીઆરમાં ગુરૂવારે રાતે ૮ વાગે પડેલા વરસાદે ગરમીથી તપી રહેલા શહેરને રાહત આપી. અચાનકથી પારો ગગડ્યો. લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયુ તેમજ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ જ રહ્યુ. હરિયાણામાં ૨૫ મે એ વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાયો.

## દેશમાં ચોમાસુ ૯૬ ટકા, રાજ્યમાં ૯૨%થી ઓછા વરસાદની આગાહી

**(એજન્સી)નવી દિલ્હી,**
આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય રહેવાની શક્યતા છે. આઈએમડીએ જણાવ્યું કે, ભારતમાં ચોમાસું ૪ જૂનની આસપાસ કેરળમાં એન્ટ્ર થશે. આ વર્ષે ચોમાસું ૯૬ ટકા રહેવાનો અંદાજ છે. બીજી તરફ ઉત્તર પશ્ચિમ ભારતમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની શક્યતા છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ૯૬% રહેવાનો અંદાજ છે. ચોમાસા દરમિયાન અલ નીનોની સંભાવના ૯૦% થી વધુ છે.

ગુજરાતમાં ચોમાસાને લઈને પણ આઈએમડીએ આગાહી કરી છે. ગુજરાતમાં ૯૨ ટકાથી ઓછા વરસાદની સંભાવના કરવામાં આવી છે. ગુજરાતમાં ચોમાસું સામાન્ય કરતા નબળું રહેવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં હવે ગરમીથી લોકોને રાહત મળી શકે છે. તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે. બીજી બાજુ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આગામી ૨૮ અને ૨૯મી મેના રોજ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને રાજકોટ, અમરેલી, ભાવનગર, પોરબંદર, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, આણંદ અને ભરૂચમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયામાં સિસ્ટમ સક્રિય થઈ રહી હોવાથી દરિયાકાંઠે તથા આસપાસના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે.

## રાફેલ ઊડાડનારી શિવાંગી સિંહ પ્રથમ ભારતીય મહિલા

**(એજન્સી)નવી દિલ્હી,**
ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ વચ્ચે ભારતીય વાયુસેનાની એકમાત્ર અને પ્રથમ મહિલા પાયલટ શિવાંગી સિંહે લદ્દાખમાં રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ઉડાવ્યું છે. આ એક ગર્વ લેવા જેવી સિદ્ધિ છે. શિવાંગી સિંહ ભારતીય વાયુસેનાની પ્રથમ અને એકમાત્ર મહિલા પાયલટ છે. તેણે ફ્રાન્સમાં ચાલી રહેલી ફ્રેન્ચ કવાયત ઓરિયનમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. લદ્દાખમાં રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ઉડાવવાના પોતાના અનુભવ વિશે શિવાંગીએ મીડિયાએજન્સી સાથે વાત કરી હતી. શિવાંગીએ જણાવ્યું હતું કે વિમાને અપેક્ષા મુજબનું પ્રદર્શન કર્યું હતું અને તેને આપવામાં આવેલા તમામ મિશન તેણે પૂર્ણ કર્યા હતા. ફ્રાન્સમાં આયોજિત પ્રેક્ટિસમાં અન્ય દેશોની મહિલા પાઈલટ્સ સાથે વાર્તાલાપ કરવાની તક પણ મળી હતી અને તે તેના માટે શીખવાની મોટી તક હતી. અમને ઘણું શીખવા મળ્યું હતું. શિવાંગી સિંહ ભારતીય વાયુસેનાની પ્રથમ અને એકમાત્ર મહિલા પાઈલટ છે જેણે રાફેલ ફાઈટર એરક્રાફ્ટ ઉડાવ્યું છે.

## કર્ણાટકમાં વધુ ૨૪ ધારાસભ્યો મંત્રી તરીકે આજે શપથ લેશે

**(એજન્સી)બેંગલુરૂ,**
કર્ણાટકના સીએમ સિદ્ધારમૈયાની સરકારમાં શનિવારે વધુ ૨૪ ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીએમ સિદ્ધારમૈયા અને ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર અને પાર્ટીના કેન્દ્રીય નેતાઓ વચ્ચે દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં નામો ફાઈનલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા આજે રાહુલ ગાંધીને મળશે. ૨૦ મેના રોજ સિદ્ધારમૈયાએ મુખ્યમંત્રી તરીકે અને પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ડીકે શિવકુમારને નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. આ સાથે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયંક ખડગે સહિત આઠ ધારાસભ્યોએ પણ મંત્રી તરીકે શપથ લીધા. કોંગ્રેસ હાઈકમાન્ડે આઠ મંત્રીઓની પ્રથમ યાદીને મંજૂરી આપી હતી, જ્યારે કેબિનેટમાં લગભગ ૨૮ ધારાસભ્યોને સામેલ કરવાની પ્રારંભિક યોજના હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ફક્ત તે ધારાસભ્યોના નામોને મંજૂરી આપવામાં આવી હતી, જેઓ તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ કરતા હતા અને સૌથી વરિષ્ઠ હતા, પછી તેમના નામો વિશે કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો ન હતો.

એવું કહેવાય છે કે સિદ્ધારમૈયા અને શિવકુમાર મંત્રી પદ માટે તેમના નજીકના ધારાસભ્યોના નામનો પ્રચાર કરી રહ્યા છે.

## સોના અને ચાંદીના ભાવમાં કડાકો

**(એજન્સી)અમદાવાદ,**
ભારતીય શરાફા બજારમાં આજે ૨૬ મે ૨૦૨૩ના રોજ સોનાના ભાવમાં ફરી ઘટાડો નોંધાયો છે. જો કે સવારે સ્ઝ્ઠ પર સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. એમસીએક્સ પર સોનું ૫૦ રૂપિયા વધારા સાથે ૧૦ ગ્રામના ૫૯૫૧૪ રૂપિયા પર ટ્રેડ થતું જોવા મળ્યું હતું. જ્યારે ચાંદી પ્રતિ કિલો ૨૫૦ રૂપિયાના વધારા સાથે ૭૦૪૮૬ ના સ્તરે જોવા મળી હતી. જો કે શરાફા બજારમાં સોનામાં કડાકો જોવા મળ્યો.

ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની અધિકૃત વેબસાઈટ મુજબ ૯૯૯ પ્યોરિટીવાળું ૧૦ ગ્રામ ગોલ્ડ ગઈ કાલે ૨૫મી મેના રોજ ૬૦૩૬૧ના સ્તર પર બંધ થયું હતું. જ્યારે આજે ૧૦ ગ્રામ શુદ્ધ સોનાનો ભાવ ૩૦૯ રૂપિયા તૂટીને ૬૦૦૫૨ ના સ્તરે જોવા મળ્યો. ૯૯૫ પ્યોરિટીવાળું ગોલ્ડ ૩૦૭ રૂપિયા ઘટીને ૫૯૮૧૨ના સ્તરે પહોંચ્યું. જ્યારે ૯૧૬ પ્યોરિટીવાળું સોનું ૨૮૩ રૂપિયા ઘટીને ૧૦ ગ્રામના ૫૫૦૦૮ રૂપિયાના સ્તરે જોવા મળી રહ્યું છે. ૭૫૦ પ્યોરિટીવાળા ગોલ્ડની વાત કરીએ તો તે આજે ૨૩૨ રૂપિયા ઘટીને ૪૫૦૩૯ના સ્તરે અને ૫૮૫ પ્યોરિટીવાળું ૧૦ ગ્રામ સોનું ૧૮૧ રૂપિયા ઘટીને ૩૫૧૩૦ ના સ્તરે જોવા મળ્યું છે. બીજી બાજુ ચાંદીની વાત કરીએ તો એક કિલો ચાંદીના ભાવમાં ૯૪ રૂપિયાનો ઘટાડો થયો છે અને હાલ ચાંદી ૭૦૧૯૧ના સ્તરે જોવા મળી રહી છે. જે ગઈ કાલે ૭૦૨૮૫ના સ્તરે બંધ થઈ હતી.

શરાફા બજારમાં સોનાના ભાવ ૫મી મેના રોજ વધીને ૬૧૭૩૯ રૂપિયા અને ચાંદી ૭૭૨૮૦ રૂપિયાના રેકોર્ડ લેવલ પર પહોંચી ગઈ હતી. હવે ૨૬મી મે એટલે કે આજની વાત કરીએ તો તે પ્રમાણે સોનું ૧૭૦૦ રૂપિયા અને ચાંદી ૭૦૦૦ રૂપિયા જેટલી તૂટી છે.

## ઉત્તરાખંડમાં કાર નહેરમાં પડતા ૩ બાળક-મહિલા સહિત પાંચનાં મોત

**(એજન્સી)દહેરાદૂન,**
મોડી રાતે એક ઈનોવા કાર નિયંત્રણ ગુમાવતા લોહિયાહેડ નજીક શારદા નહેરમાં પડી ગઈ. ઘટનામાં ૩ બાળકો અને મહિલા સહિત ૫ લોકોના મોત નીપજ્યા. ઘટના બાદ બે ગામમાં માતમ છવાઈ ગયો.

પોલીસે મોડી રાતે જ ઈનોવા કારમાંથી પાંચના મૃતદેહ જપ્ત કરીને મોર્ચરીમાં રખાવ્યા. શુક્રવારની સવારે મૃતદેહોનું પંચનામુ કરીને પોસ્ટમોર્ટમની કાર્યવાહી બાદ પરિજનોને સોંપી દેવાયા.

પાવર હાઉસ કોલોની લોહિયાહેડ નિવાસી ૩૮ વર્ષીય દ્રોપતી ઉર્ફે દુર્ગા, ૧૨ વર્ષીય જ્યોતિ અને ઈનોવા કાર ચાલક નગરા તરાઈ નિવાસી ૪૦ વર્ષીય મોહન સિંહ ધામી, બહાદુર સિંહ ધામી ઈનોવા કારમાં સવાર થઈને ગુરૂવારની સાંજે પોતાના ભાઈ અંજનિયા બુઢાબાગ નિવાસી મોહનચંદના ઘરે ગયા હતા. મોડી રાતે પોતાના ભાઈના પુત્ર ૫ વર્ષીય સોનુ અને ૭ વર્ષીય પુત્રી દીપિકાને લઈને પાછા લોહિયાહેડ પોતાના ઘરે પાછા ફર્યા હતા. ત્યારે ઈનોવા કાર અનિયંત્રિત થઈને પાવર હાઉસ જાળી નજીક શારદા નહેરમાં પડી ગઈ. દરમિયાન જ્યારે તે ઘરે ના પહોંચી તો તેમના ભાઈ મોહનચંદને આની ચિંતા થઈ. જે બાદ તેમણે શોધખોળ શરૂ કરી. ઈનોવા કાર શારદા નહેરમાં પડી ગઈ. જેની માહિતી મોહનચંદે પોલીસને આપી.

મોડી રાતે જ પોલીસ કર્મચારી શારદા નહેર પહોંચ્યા. જ્યાં તેમણે તેમની તપાસ શરૂ કરી. શારદા નહેરમાં પડેલી ઈનોવા કારને મહા જહેમતે દોરડુ અને અન્ય વાહનોની મદદથી ખેંચવામાં આવી. જે બાદ કારમાં ફસાયેલા પાંચ લોકોને બહાર કાઢવામાં આવ્યા. તેમને ૧૦૮ સેવા દ્વારા જિલ્લા હોસ્પિટલ લાવવામાં આવ્યા. જ્યાં ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા.

## સેન્સેક્સમાં ૬૨૯, નિફ્ટીમાં ૧૭૮ પોઈન્ટનો ઊછાળો નોંધાયો

**(એજન્સી)મુંબઈ,**
શુક્રવારે સ્થાનિક શેરબજારો ઉછાળા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૬૨૯.૦૭ પોઈન્ટ એટલે કે ૧.૦૨ ટકાના વધારા સાથે ૬૨,૫૦૧.૬૯ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૧૭૮.૨૦ પોઈન્ટ્સ અથવા ૦.૯૭ ટકાના વધારા સાથે ૧૮,૪૯૯.૩૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. મેડ પ્લસના શેર સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ સેશનમાં ૧૬ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા. જો સેક્ટોરલ ઈન્ડાયસિસની વાત કરીએ તો મેટલ, એફએમસીજી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, રિયલ એસ્ટેટ, ફાર્મા અને પીએસયુ બેંકના શેર ૧-૧ ટકાના ઉછાળા સાથે બંધ થયા છે. તે જ સમયે, બીએસઈમિડકેપ ઈન્ડેક્સ ૦.૮ ટકા અને સ્મોલ કેપ ઈન્ડેક્સ ૦.૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. અમેરિકી ડોલર સામે રૂપિયો ૧૮ પૈસા મજબૂત થઈને ૮૨.૫૬ પર બંધ થયો છે. પાછલા સત્રમાં તે ૮૨.૭૪ના સ્તરે બંધ રહ્યો હતો. બીએસઈસેન્સેક્સ પર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર સૌથી વધુ ૨.૭૯ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે સન ફાર્મા, એચસીએલ ટેક, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ (એચયુએલ), વિપ્રો, ટેક મહિન્દ્રા, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા સ્ટીલ, ટાઈટનના ટાઈટન શેર, મારુતિ, આઈસીઆઈસીઆઈ બેંક અને ટીસીએસ ૧-૧ ટકાથી વધુના વધારા સાથે બંધ થયા છે.

## અમૃતસર એરપોર્ટ ઉપર ચાર ફ્લાઈટનાં ઈમરજન્સી લેન્ડિંગ

**(એજન્સી)નવી દિલ્હી,**
ગુરુવારે રાત્રે પંજાબના અમૃતસર એરપોર્ટ પર એક અલગ જ દ્રશ્ય જોવા મળ્યું. જ્યારે એક પછી એક ૪ ફ્લાઈટ્સનું અમૃતસર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જે બાદ રાત્રે અમૃતસર એરપોર્ટથી લગભગ ૨ વાગ્યે મોકલવામાં આવ્યા હતા.

ગુરુવારે રાત્રે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે દિલ્હીનું હવામાન ખૂબ જ ખરાબ થઈ ગયું હતું. જેના કારણે ૧૧ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી. આ ૧૧ ફ્લાઈટ્સનું ઈમરજન્સી લેન્ડિંગ અલગ-અલગ શહેરોમાં કરવામાં આવ્યું હતું, જેમાંથી એક અમૃતસર એરપોર્ટ છે.

મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો, ગુરુવારે મોડી રાત્રે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે દિલ્હીમાં અચાનક જોરદાર પવન ફૂંકાવા લાગ્યો હતો. જેના કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર ટ્રાફિકને અસર થઈ હતી. ખરાબ હવામાનને કારણે ૯ ડોમેસ્ટિક અને ૨ ઈન્ટરનેશનલ ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી હતી.

તેમાંથી ચાર ફ્લાઈટ્સ અમૃતસર, ત્રણ ફ્લાઈટ્સ જયપુર અને આ સિવાય અન્ય ફ્લાઈટ્સ અમદાવાદ, ઈન્દોર, ચેન્નાઈ અને ગ્વાલિયરમાં લેન્ડ કરવાની હતી. બપોરે ૨ વાગ્યાની આસપાસ હવામાનમાં સુધારો થતાં આ ફ્લાઈટોને દિલ્હી મોકલવામાં આવી હતી.

બેંગ્લોરની દિલ્હીની ફ્લાઈટ વિસ્તારા યુકે૮૧૮ને અમૃતસર એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવી હતી. આ સિવાય ભુવનેશ્વર દિલ્હીની ફ્લાઈટ ઈન્ડિગો ૬ઈ૨૨૦૭, મુંબઈ દિલ્હી ફ્લાઈટ વિસ્તારા યુકે૯૪૦, સાઉદી અરેબિયાના રિયાધથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની એઆઈ૯૨૬ ફ્લાઈટને અમૃતસર એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવી હતી. ઈન્દોર-દિલ્હી આવતી ઈન્ડિગો ૬ઈ૨૧૭૪ ફ્લાઈટને જયપુર એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. ઝારસુગુડા દિલ્હી ફ્લાઈટ સ્પાઈસજેટ જી૮૩૬૨, રાજકોટ દિલ્હી ફ્લાઈટ એર ઈન્ડિયા એઆઈ૪૦૪ જયપુર એરપોર્ટ પર લેન્ડિંગ કરવામાં આવ્યું હતું.

## કેજરીવાલ નીતિ આયોગની બેઠકનો બહિષ્કાર કરશે

**(એજન્સી)નવી દિલ્હી,**
દિલ્હીના મુખ્મંત્રી અરવિંદ કેજરીવાલ અને કેન્દ્ર સરકાર વચ્ચેની ખેંચતાણ દિવસેને દિવસે વધી રહી છે. નવા સંસદ ભવનનાં ઉદ્‌ઘાટન સમારોહનો બહિષ્કાર કરવાની જાહેરાત કરનાર સીએમ કેજરીવાલ હવે નીતિ આયોગની બેઠકનો પણ બહિષ્કાર કરશે. આ માટે કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. સીએમ કેજરીવાલે પીએમ મોદીને લખેલા પત્રમાં લખ્યું છે કે, 'લોકો પૂછે છે કે જો વડાપ્રધાન સુપ્રીમ કોર્ટનું પાલન નહીં કરે તો લોકો ન્યાય માટે ક્યાં જશે? જ્યારે સહકારી સંઘવાદ એક મજાક છે ત્યારે નીતિ આયોગની બેઠકમાં હાજરી આપવાનો શું અર્થ છે. સીએમ કેજરીવાલે પોતાના બે પાનાના પત્રમાં લખ્યું છે કે, આવતીકાલે નીતિ આયોગની બેઠક છે. નીતિ આયોગનો ઉદ્દેશ્ય ભારતના વિઝનને તૈયાર કરવાનો અને સહકારી સંઘવાદને પ્રોત્સાહન આપવાનો છે.

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

સુખી લગ્ન-જીવન માટે



સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક
સ્વરૂપ સેક્સ ક્યોર
"નોબલ્સ" નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
: ફોન : ૨૬૫૮ ૬૦૦૦, ૨૬૫૮ ૭૦૦૦, ૨૬૫૮ ૮૦૦૦, ૪૮૦૦ ૦૦૦૯
: સમય : સવારે ૧૧ થી ૨, સાંજે ૪.૩૦ થી ૭, રવિવારે રજા
૫૯મું વર્ષ

સેલ ઢાલગરવાડના પ્રખ્યાત માસ્ટર હેન્ડલુમ લાવ્યા છે. સેલ
પડદાનું કાપડ સાથે સિલાઈ ફ્રી
ભવ્ય સેલ
તદ્દન નવા સ્ટોક સાથે
પડદાનું કાપડ રૂા.૨૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી)
પડદાનું કાપડ રૂા.૩૫૦/- મીટર (સાથે સિલાઈ ફ્રી)
સોફાદરી તદ્દન નજીવા ભાવે
સોફાનું કાપડ મળશે
પ્રખ્યાત મીલોની ચાદરો ઉપર 10% થી 50% સુધી ડિસ્કાઉન્ટ
• PORTICO • D DECOR • HOME DECOR • FLORIDA • GM MILL • FOREVER • TRIDENT
9x9 સાઈઝની ચાદરો વ્યાજબી ભાવે મળશે
King Size ફીટેડ ચાદરો મળશે
U-Foam ના ગાદલા વ્યાજબી ભાવે બનાવી આપવામાં આવશે.
Roman Curtains Roller Blinds બનાવનાર
SALE ઢાલગરવાડવાળા SALE
માસ્ટર હેન્ડલુમ હાઉસ
૧૧/૩૨, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ, એલિસબ્રિજ, પોસ્ટ ઓફિસ સામે, વી. એસ. હોસ્પિટલની પાછળ, અમદાવાદ.
PH: 079 - 26580043 / MO 9173005787
રવિવારે સેલ ચાલુ રહેશે સમય સવારે ૧૧ થી રાત્રે ૯ બધાજ ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય

# અમદાવાદમાં વીજળીના કડાકા ભડાકા સાથે મોડી સાંજે વરસાદ



**અમદાવાદ,** રાજ્યમાં કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે અમદાવાદ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. તેમજ ઉત્તર ગુજરાતમાં કેટલાક વિસ્તારમાં ભારે પવનની સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. તેમજ બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ વરસ્યો હતો. દરમિયાન સાંજના સમયે અમદાવાદ શહેરમાં પણ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. તેમજ વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. સાબરકાંઠાના તલોદમાં પણ આઠ એમએમ જેટલો વરસાદ વરસ્યો હતો. અમદાવાદમાં અનેક ઠેકાણે વૃક્ષ ધરાશાયી થવાની ફરિયાદો સામે આવી હતી. જ્યારે ફતેહવાડીમા એક મહાકાય ભૂવો પડ્યો હતો.

અમદાવાદ શહેરમાં મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. શહેરના ચાંદખેડા, બોપલ, થલતેજ, બોડકદેવ, ઘાટલોડિયા અને જોધપુર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે રસ્તા ઉપર વરસાદી પાણી ભરાયાં હતાં. ભારે પવન સાથે વરસાદ પડવાથી મોટાપાયે ઝાડ પડી ગયા હતાં. શહેરમાં કુલ ૫૦ સ્થળે ઝાડ પડવાની ફરિયાદો આવી હતી. પૂર્વ ઝોનમાં જ ૧૩ ઝાડ ધરાશાયી થયાં હતાં. પૂર્વ ઝોનમાં ગોમતીપુર જૈન દેરાસર, મધુપુર મીલ કંપાઉન્ડ, ફૂલવાડી સોસાયટી પાસે ઝાડ પડી ગયા હતા. તેવી ફરિયાદ સ્થાનિક કોર્પોરેટર ઈકબાલ શેખે કરી હતી. જ્યારે ફતેહવાડીમાં લબ્બૈક પાર્ક, મિન્હાજ પાર્કની સામે આરસીસી રોડમાં ભૂવો પડ્યો હતો. જેમાં એક કાર ગરકાવ થઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં આજે વાતાવરણમાં અચાલક પલટો આવ્યો હતો. તેમજ ધૂળની ડમરી સાથે ભારે પવન ફુંકાયો હતો. દરમિયાન ડીસા, દિયોદર, લાખણી, થરાદ, વાવ સહિતના વિસ્તારમાં છુટો છવાયો વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના કેટલાક શહેરોમાં પણ વાતવરણમાં પલટો આવ્યો હતો. તેમજ કેટલાક સ્થળો ઉપર હળવો વરસાદ વરસ્યો હોવાનો અહેવાલ સાંપડી રહ્યાં છે.



(તસવીર :જયેશમોદી)

શુક્રવારે મોટેરા સ્ટેડિયમમાં આઈપીએલની મેચ રમાઈ ત્યારે વરસાદની અસર જોવા મળી હતી.

# આઈપીએલ ૨૦૨૩: ફાઈનલની ટિકિટ ખરીદવા પડાપડી

**અમદાવાદ,** શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૨૮ મેના (રવિવાર) રોજ આઈપીએલ ૨૦૨૩ની ફાઈનલ મેચ રમાવાની છે. આ પહેલા ગુરુવારે ટિકિટ વિન્ડો પર જબરદસ્ત ભીડ ઉમટી હતી અને પરિણામ એ આવ્યું હતું કે ટિકિટની અછત સર્જાઈ હતી અને ઘણા ક્રિકેટપ્રેમીઓએ વિલા મોંએ પરત જવું પડ્યું હતું. સ્લોટ ખૂલતાની સાથે જ ઓનલાઈન ટિકિટો ધડાધડ વેચાઈ ગઈ તો ઓનલાઈન ટિકિટો માટે લાંબી લાઈન જોઈને ઘણા હતાશ થયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે, આશરે ૫૦ હજાર ટિકિટો પ્રિન્ટ કરાવવામાં આવી હતી, જેમાંથી ઘણી ટિકિટ વિન્ડો પર વેચવામાં આવી હતી. 'ટિકિટ મેળવવા માટે સખત લાંબી લાઈન હતી અને મોટાભાગે જથ્થાબંધ ટિકિટ ખરીદવામાં આવી હતી, જેના કારણે થોડી જ ટિકિટો ઉપલબ્ધ રહી', તેમ સૂત્રોએ ઉમેર્યું હતું. પોતાનો રોષ વ્યક્ત કરતાં અમદાવાદના એક પ્રોફેશનલ જયદીપ ઝીએ જણાવ્યું હતું કે 'દુબઈમાં રહેલો મારો મિત્ર આઈપીએલ માટે અમદાવાદ આવવાનું પ્લાનિંગ કરી રહ્યો હતો. જ્યારે મેં ઓનલાઈન ટિકિટ બૂક કરાવવાનો પ્રયાસ કર્યો તો તે ગણતરીની સેકન્ડોમાં વેચાઈ ગઈ હતી. મેં મિત્રો અને પરિચિતો દ્વારા બે ટિકિટ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમા નિષ્ફળતા મળી હતી. અંતમાં મારા મિત્રએ તેની ટ્રિપ કેન્સલ કરવી પડી હતી. બુધવારે રિપોર્ટ આપ્યો હતો કે, આઈપીએલની ટીમો અને ક્રિકેટ ફેન્સના અપેક્ષિત ધસારાને ધ્યાનમાં રાખીને આગામી વીકએન્ડ માટે હોટેલના ટેરિફમાં ઓછામાં ઓછો ૪૦ ટકાનો વધારો થયો છે. કેટલાક યૂઝર્સે ઓનલાઈન બૂકિંગમાં ખામીની ફરિયાદ કરી હતી તો ગુરુવારે સ્ટેડિયમમાં ગયેલા ચાહકોને પણ ખાલી હાથે પાછા ફરવું પડ્યું હતું. કોર્પોરેટ સર્કલમાં પણ લોકો છેલ્લા કેટલાક દિવસથી પાસ માટે ધક્કા ખાઈ રહ્યા છે. આંત્રપ્રિન્યોર હર્ષ કાંકરિયાએ જણાવ્યું હતું કે 'અમે ૧૨ મિત્રો છેલ્લા પાંચ દિવસથી ફાઈનલ મેચની ટિકિટ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ તે નિરર્થક ગયા હતા. ઓનલાઈન ટિકિટ વેચાણના નિયમોમાં અવારનવાર ફેરફાર કરવામાં આવે છે અને ઓફલાઈન ટિકિટ ખરીદવી અશક્ય છે. ઉલ્લેખનીય છે કે, એમએસ ધોનીની ટીમ ચેન્નઈ સુપર કિંગ્સ પહેલાથી જ ફાઈનલમાં પહોંચી ગઈ છે. આઈપીએલ ૨૦૨૩ની ટ્રોફી જીતવા માટે તેની ટક્કર કોની સાથે થશે તે આજે નક્કી થશે. આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ક્વોલિફાયર રાઉન્ડ ૨ માટે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાશે. જે ટીમ જીતશે તે ચેન્નઈ સામે ફાઈનલમાં રમશે, જ્યારે બીજી ટીમ બહાર ફેંકાઈ જશે.

## એસ. જયશંકર નર્મદાની મુલાકાતે

**(એજન્સી)અમદાવાદ,** ગુજરાતની મુલાકાતે આવેલા કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.જયશંકર નર્મદાના એકતાનગર ગયા હતા. અહીં તેમણે આઈટીઆઈની મુલાકાત લીધી હતી. એટલું જ નહીં વિદ્યાર્થીઓની વચ્ચે બેંચ ઉપર બેસીને શિક્ષક દ્વારા અપાતા શિક્ષણનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન શિક્ષક પણ હાંફળાફાંફળા બની ગયા હતા. કેન્દ્રીય મંત્રીએ વિદ્યાર્થીઓ સાથે પણ સંવાદ કર્યો હતો તેમજ કેટલીક જરુરી સૂચન પણ કર્યું હતું. ગુજરાતની બે દિવસની મુલાકાતે આવેલા કેન્દ્રીય વિદેશ મંત્રી એસ.જયશંકર હવાઈ માર્ગે સવારે વડોદરા આવી પહોંચ્યાં હતા. એરપોર્ટ ઉપર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટથી તેઓ વાહન માર્ગે નર્મદા ગયા હતા. એકતાનગર પહોંચેલા કેન્દ્રીય મંત્રીએ આઈટીઆઈની મુલાકાત લીધી હતી. તેમજ બેંચ ઉપર બેસીને વિદ્યાર્થીઓને ભણાવવામાં આવતા અભ્યાનનું નીરિક્ષણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થા શિક્ષકો અને કર્મચારીઓ સાથે પણ સંવાદ કર્યો હતો. આઈટીઆઈના એક ક્લાસરૂમમાં શિક્ષક વિદ્યાર્થીઓને ભણાવતા હતા તે સમયે જ તેઓ ક્લાસરૂમ પહોંચ્યાં હતા. તેમજ શિક્ષકને શિક્ષણ કાર્ય ચાલુ રાખવા સુચન કર્યું હતું.

## મુખ્યમંત્રી નીતિ આયોગની બેઠકમાં હાજરી આપવા દિલ્હી જશે

**(એજન્સી)ગાંધીનગર,** ૨૮ મે, રવિવારે સવારે નવા સંસદભવનનું ઉદઘાટન થવાનું છે. ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૨૭ અને ૨૮મેએ દિલ્હીના પ્રવાસે જશે. તેઓ નિતી આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠકમાં હાજરી આપશે. તે ઉપરાંત તેઓ નવા સંસદ ભવનના ઉદ્‌ઘાટનમાં પણ ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિપક્ષી દળો પર આકરા પ્રહાર કરતા કહ્યુ હતું કે, નવા સસંદ ભવનનો વિરોધ દેશના ૧૪૦ કરોડ ભારતીઓનું અપમાન સમાન છે. સીએમ ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, કુલ ૧૯ વિપક્ષી દળો દ્વારા નવા સંસદ ભવનનું લોકાર્પણનો બહિષ્કાર કરવામાં આવ્યો છે તે નિંદનીય છે. સંવાદિત છે કે, આગામી ૨૮ મે ૨૦૨૩ના રવિવારના રોજ સંસદભવનનું લોકાર્પણ નિશ્ચિત છે. તેઓને વિરોધ એ દેશના મહાન લોકતાંત્રિક મુલ્યો અને સંવિધાનિક માન્યતાઓ ઉપર હુમલો છે. લોકતંત્રમાં સંસદ એક પવિત્ર સંસ્થા છે. લોકોના હદયના ધબકારના સમાન છે. અહી દેશની નિતીઓ ઉપર નિર્ણય થાય છે. જેનાથી લોકોના જીવનમાં બદલાવ આવે છે. પાછલા ૯ વર્ષના જોઈએ તો વિપક્ષી દળોએ વારવરા સંસદીય પ્રણાલી અને નિયમોનું ઉલ્લઘન કર્યુ છે. કોંગ્રેસ સહિત ૨૦ વિરોધ પક્ષોએ ઉદઘાટન સમારોહનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. વિપક્ષનું કહેવું છે કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને બાયપાસ કરીને વડાપ્રધાન દ્વારા ઉદઘાટન કરવાનો નિર્ણય માત્ર ગંભીર અપમાન જ નથી, પરંતુ તે લોકશાહી પર સીધો હુમલો પણ છે. તે જ સમયે, ભાજપ સહિત ૨૫ પક્ષો ઉદઘાટન સમારોહમાં ભાગ લેશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉદઘાટન કરશે. નવા સંસદ ભવનને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે છેલ્લા ઘણા દિવસોથી શબ્દ યુદ્ધ ચાલી રહ્યું છે. દરમિયાન આ મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે, જેની સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે જાહેર હિતની આ અરજીને ફગાવી દીધી હતી.

**ભૂપેન્દ્ર પટેલ ૨૭ અને ૨૮મેએ દિલ્હીના પ્રવાસે**

## ગુજરાત ન્યુઝ અપડેટ્સ

### બનાસકાંઠામાં ઓવર ટેક કરવા જતાં ટ્રકની ટક્કરે કાર પલટી

**(એજન્સી)પાલનપુર ,** પાલનપુર નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં કારમાં સવાર એક મહિલાનું મોત નિપજ્યું હતું. કારચાલકે ઓવર ટેક કરતાં કારને ટ્રકની ટક્કર લાગી હતી અને કાર પલટી ગઈ હતી. જેમાં એક મહિલાએ જીવ ગુમાવ્યો છે. અકસ્માતની જાણ થતાં પાલનપુર તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ઘરી છે. પાલનપુર નજીક ગોળા ગામ પાસે કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારમાં સવાર મહિલાનું મોત નિપજ્યું છે. ગોળા ગામ પાસે કારચાલકે ઓવર ટેક કરતાં કાર ટ્રક સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો.

### સુરતમાં પનીર, મસાલા, પેસ્ટ્રી બાદ આઈસ્ક્રીમના નમૂના ફેલ

**(એજન્સી)સુરત,** ખાણીપીણીના શોખીન સુરતીઓ માટે છેલ્લા બે ત્રણ દિવસથી ચિંતાજનક સમાચાર આવી રહ્યા છે. ગરમીથી રાહત અનુભવવા માટે સુરતીઓ જે આઈસ્ક્રીમ અને ઠંડા પીણા પી રહ્યા છે તેના કેટલાક સેમ્પલો ફેલ હોવાનું જાણવા મળી રહ્યું છે. હનુમંતે આઈસક્રીમ એન્ડ લીક્વીડનો કાજુ અંજીર આઈસક્રીમ, અમરદીપ આઈસક્રીમ એન્ડ જ્યુસનો અમેરિકન ડ્રાયફ્રૂટ આઈસક્રીમ, બાલાજી આઈસક્રીમ પાર્લરનો વેનીલા આઈસક્રીમ અને ભરકાદેવી આઈસક્રીમનો પણ વેનીલા આઈસક્રીમનો નમૂનો ફેઈલ મળી આવ્યા છે. આ સંસ્થા/ઈસમો સામે એડજ્યુડીકેટીંગ ઓફીસર સમક્ષ ફરીયાદ દાખલ કરવા કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં હાલમાં ભેળસેળના અનેક સમાચાર સામે આવી રહ્યા છે. ત્યારે સુરતમાં પેસ્ટ્રી, મરી મસાલા, પનીર બાદ હવે દવા પણ નકલી મળી આવી છે. મહાનગરપાલિકાની તપાસમાં દવાના સેમ્પલ ફેલ જણાઈ આવ્યા છે. શારીરિક તંદુરસ્તી માટે લેવામાં આવતી હેલ્થ સપ્લિમેન્ટની દવાઓ પણ સુરક્ષિત નથી. તપાસમાં પ્રોટીન અને વિટામિનની દવાના સેમ્પલ ફેલ આવ્યા છે.

### અમદાવાદમાં ૩.૩૮ લાખની કિંમતનું એમડી ડ્રગ્સ ઝડપાયું

**(એજન્સી)અમદાવાદ,** ગુજરાતમાં ડ્રગ્સ માફિયા બેફામ બન્યાં છે. અમદાવાદ સહિતના શહેરોમાંથી મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો પકડાઈ રહ્યો છે. ત્યારે અમદાવાદમાં ફરીએક વાર પોલીસે ૩.૩૮ લાખની કિંમતનું ૩૩.૮૭૦ ગ્રામ એમડી ડ્રગ્સ ઝડપી પાડયું છે. પોલીસે આરોપીને ઝડપીને વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ ડ્રગ્સ ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તેની પુછપરછ પણ શરૂ કરી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓને બાતમી મળી હતી. આ બાતમીને આધારે શહેરમાં નારોલ સર્કલથી દાણીલીમડા તરફ જતાં કાશીરામ ટેક્ષટાઈલ્સની સામેના ભાગે આવેલ તુલસી રેસ્ટોરન્ટની બાજુમાં જાહેર રોડ પરથી ડ્રગ્સ વેચનાર આરોપી ઈલિયાસ શેખ પાસેથી ૩.૩૮ લાખની કિંમતનું ૩૩.૮૭૦ ગ્રામ એમડી ડ્રગ્સ પકડ્યું હતું. પોલીસે આરોપી પાસેથી ડ્રગ્સ સહિત કુલ ૩.૬૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## યુવતીએ રિવરફ્રન્ટ પરથી નદીમાં ઝંપલાવ્યું

**પાલનપુર અમદાવાદ,** પતિના મોત બાદ એક કરોડની મિલકત પડાવવા માંગતા સાસરિયાએ તારા પતિ પાછળ તું સતિ કેમ ન થઈ તેવા મહેણા મારતાં સુરતમાં રહેતી અને આઈએએસ બનવાનું સપનું જોતી સોફ્ટવેર એન્જિનિયર યુવતીએ ૧૫ દિવસ પહેલા અમદાવાદ સાબરમતી રિવરફ્રન્ટ પરથી નદીમાં ઝંપલાવી જીવનનો અંત આણ્યો હતો. યુવતીએ લખેલી સ્યુસાઈટ નોટ તેમજ સાસરિયાએ પોન પર કરેલી તકરારનું ફોન રેકોર્ડિંગ સહિતની વિગતો પોલીસને મળી હતી. યુવતિની પિતાની ફરિયાદના આધારે રાજસ્થાનના રેલમંગરા ખાતે રહેતા સાસરિયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ૨૮ વર્ષીય યુવતીના લગન ૨૦૧૭માં રાજસ્થાનના ભગતીલાલ લખારાના પુત્ર વિષ્ણુ સાથે થયા હતા. કન્સ્ટ્રક્શનનો બિઝનેસ કરતો પતિ વિષ્ણુજી આઈએએસ બનવા યુપીએસસીની તૈયારી કરતી પત્નીને તમામ પ્રકારનો સહયોગ આપો હતો.

## ધો-૧૨ સાયન્સના બે વિષયમાં નાપાસ છાત્રોની જુલાઈમાં પરીક્ષા લેવાશે

**પાલનપુર ગાંધીનગર,** ગુજરાત શિક્ષણ બોર્ડનું ધો.૧૨ સાયન્સ અને ધો.૧૦નું પરિણામ જાહેર થઈ ગયું છે. સમગ્ર રાજ્યનું ધોરણ ૧૨ સાયન્સનું ૬૫.૫૮ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ધોરણ ૧૦નું ૬૪.૬૨ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. હવે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાની વિદ્યાર્થીઓ રાહ જોઈને બેઠા છે. બીજી તરફ ધોરણ ૧૨ સાયન્સની પૂરક પરીક્ષા અંગે શિક્ષણ વિભાગે જાહેરાત કરી છે. એક કે બે વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓની જુલાઈમાં પરીક્ષા લેવાશે. ધોરણ ૧૨ સાયન્સમાં એક કે બે વિષયમાં નાપાસ થનારા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ વિભાગે તૈયારીઓ કરી લીધી છે. જુલાઈ મહિનામાં આ વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓ પાંચમી જૂન સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે. વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ પર અરજી કરવાની રહેશે. પરીક્ષાર્થીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. ગેરરીતિ રોકવા માટે બનાવવામાં આવેલી અધિકારીની ફ્લાઈંગ સ્ક્વોડ માત્ર ૬૦ વિદ્યાર્થીને જ પકડી શકી છે.વર્ગખંડમાં ગોઠવાયેલા સીસીટીવી કેમેરાની ચકાસણી બાદ બોર્ડે ગેરરીતિના કેસ અલગ તારવ્યા છે. જેના કારણે જે તે વિદ્યાર્થીનાં પરિણામો અનામત રાખવામાં આવશે. હવે પછી ગેરરીતિ આચરતા પકડાયેલા વિદ્યાર્થીને નોટિસ આપીને બોર્ડના અધિકારીઓ સમક્ષ બોલાવાશે અને તેમનો ખુલાસો મેળવાયા બાદ તેમના જવાબના આધારે ગેરરીતિના કેસ માટે નિયત કરેલા નિયમોનુસાર શિક્ષણ બોર્ડ દ્વારા શિક્ષા કરવામાં આવશે.

ધો.૧૦ની પરીક્ષામાં સીસીટીવી ફૂટેજના આધારે ૭૫૯ કેસ અને સ્ક્વોડ, સ્થળ સંચાલક, ખંડ નિરીક્ષક દ્વારા ૨૯ કેસ કરાયા છે.

# આજે સાબરમતી રિવરફ્રન્ટ પર મહારેલીનું આયોજન

**૬૦ હજારથી પણ વધુ લોકો રેલીમાં હાજર રહેશે**

**પાલનપુર અમદાવાદ,** આદિવાસી સમાજમાં ધર્માંતરણ અંગે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં સિંહ ગર્જના ડી-લિસ્ટિંગની મહારેલી યોજાશે. ૨૭ મે ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ પર મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

જનજાતિ સુરક્ષા મંચે ડી-લિસ્ટિંગ મહારેલીનું આયોજન કર્યું છે. ધર્માંતરણ બાદ એસટીના લાભો લેનારને યાદીમાંથી દૂર કરવા માંગ કરવામાં આવી છે. ત્યારે ધર્મ પરિવર્તન કરનાર વ્યક્તિઓને એસટી ની યાદીમાંથી કાઢવાની માંગ કરાઈ છે. જનજાતિ સુરક્ષા મંચે બંધારણીય રાહે પગલા લેવાની માંગ કરી છે.

ધર્માંતરિત વ્યક્તિઓને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી કાઢવા માંગ કરવામાં આવી છે તેમજ બંધારણીય રાહે પગલા લેવાની પણ માગ કરવામાં આવી છે. ૨૭ મે શહેર પોલીસે પણ રિવરફ્રન્ટ વિસ્તારના તમામ રસ્તા બંધ કર્યા છે. ૬૦ હજારથી પણ વધુ લોકો રેલીમાં હાજર રહેશે તેમજ વલ્લભ સદન ખાતે સભા યોજાશે તેવી પણ વિગતો છે તેમજ અમદાવાદમાં આવતીકાલે ઈહ્નના તમામ રસ્તા બંધ રહેશે.

જનજાતિ સુરક્ષા મંચનાં સભ્યએ જણાવ્યું હતું કે, જનજાતિ સમાજમાંથી જે લોકો કન્વર્ટેડ થયા છે. ઈસાઈ કે ઈસ્લામ બની ગયા છે. આ લોકોએ જનજાતિ સમાજની રૂઢિગત પરંપરા, પૂજા પદ્ધતિ, સંસ્કૃતિ, રીતી નિતી, જીવન પદ્ધતિ છોડી દીધી છે જેથી આ લોકો જનજાતિનાં સદસ્ય રહેતા નથી. છતાં પણ આ લોકો જનજાતિ સમાજનો લાભ અને લઘુમતી સમાજનો લાભ આવી રીતે બેવડા લાભ લઈ રહ્યા છે. જેથી અમારી વાસ્તવિક જનજાતિને મોટો અન્યાય થઈ રહ્યો છે.

## અમૂલ લસ્સીના પેકમાં ફૂગ લાગી

**પાલનપુર અમદાવાદ,** છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે અમૂલ લસ્સીના કેટલાક પેકમાં એટલે કે એક્સપાયરી ડેટ પહેલા ફૂગ લાગી છે. હવે અમૂલે આ વીડિયોમાં કરવામાં આવેલા દાવાઓને સદંતર ફગાવી દીધા છે.

ડેરી જાયન્ટ અમૂલે જણાવ્યું હતું કે આ વીડિયો બનાવટી છે અને તેનો હેતુ ગ્રાહકોમાં ખોટી માહિતી અને બિનજરૂરી ડર ફેલાવવાનો છે. અમૂલ ભારપૂર્વક જણાવે છે કે વીડિયોમાં બતાવેલ પેકના સ્ટ્રો હોલ એરિયાને નુકસાન થયું છે. સ્ટ્રો હોલ એરીયામાં બરાબર ન હોવાના કારણે ફૂગ છે. આ વીડિયો બનાવનારને કદાચ જાણ હશે.

કંપનીએ શું કહ્યુંઃ અમૂલે ટ્વીટ કર્યું કે અમૂલ લસ્સીની નબળી ગુણવત્તા વિશે વોટ્સએપ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર નકલી સંદેશ મોકલવામાં આવી રહ્યો છે. વીડિયો બનાવનારએ સ્પષ્ટતા માટે અમારો સંપર્ક કર્યો નથી કે સ્થાન જાહેર કર્યું નથી. કંપની વીડિયોમાં કરવામાં આવેલા દાવાઓને સખત રીતે નકારી કાઢે છે અને ગ્રાહકોને આવી ખોટી માહિતીથી ગેરમાર્ગે ન દોરવા વિનંતી કરે છે.કંપનીની સલાહ આપી કે અમૂલના પ્રતિભાવનો ઉદ્દેશ કોઈપણ ચિંતાઓને દૂર કરવાનો અને ગ્રાહકોને તેના ઉત્પાદનોની ગુણવત્તા અને સલામતી અંગે ખાતરી આપવાનો છે. કંપની લોકોને વિનંતી કરે છે કે તેઓ કોઈપણ સ્પષ્ટતા અથવા પ્રશ્નો માટે તેમનો સીધો સંપર્ક કરે. આ સાથે અમૂલે સલાહ આપી છે કે ગ્રાહકોને ફૂલેલા કે લીક થયેલા પેક ન ખરીદવા જોઈએ.

મહત્વનું છે કે થોડા સમય પહેલા પણ કર્ણાટકમાં અમૂલ અને કર્ણાટકની લોકલ બ્રાંડ નંદિની બાબતે વિરોધ થયો હતો અને બોયકોટ અમૂલ પણ ટ્વીટર પર ટ્રેંડ થવા લાગ્યું હતું

## ડિપ્લોમાના ઈજનેરી અભ્યાસક્રમોમાં ૩૨૦૦૦ બેઠકો ખાલી રહેશે

**પાલનપુર અમદાવાદ,** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૩માં લેવાયેલ ધો.૧૦ની પરીક્ષાના જાહેર કરાયેલા પરિણામમાં એ-વન ગ્રેડમાં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ખાસ્સો ઘટાડો થયો છે. એટલે આ વખતે પણ ડિપ્લોમા ઈજનેરીની ૪૦ ટકા બેઠકો ખાલી રહેવાની શકયતા છે. ગુજરાતમાં ધો.૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીના વિવિધ અભ્યાસક્રમોની બેઠકોમાં છેલ્લા એક દાયકા દરમિયાન વધારો થયો છે. છેલ્લા વર્ષોથી ડિપ્લામા ઈજનેરીમાં પ્રવેશને અંતે ઘણીબધી બેઠકો ખાલી રહે છે. આ વર્ષે ધો.૧૦નું પરિણામ આવ્યા પહેલા જ ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ડિગ્રી ઈજનેરીમાં હાલમાં ૬૮ હજાર બેઠકો ઉપલબ્ધ છે. ચાલુ વર્ષે જીટીયુ સાથે જોડાયેલી જીપેરીમાં પણ ડિપ્લોમા ઈજનેરી કોલેજ શરૂ થાય તેવી શકયતા છે. જેના કારણે અંદાજે ૩૦૦ બેઠકોનો વધારો થશે.

આ જ રીતે અન્ય કોલેજ કે બ્રાન્ચમાં બેઠકો વધતાં કુલ ૫૦૦ બેઠકોનો વધારો થતાં ૬૮૫૦૦ બેઠકો ઉપલબ્ધ થાય તેમ છે. ગત વર્ષે ડિપ્લોમા ઈજનેરીમાં અંદાજે ૩૦ હજાર બેઠકો ખાલી પડી હતી. ડિપ્લોમા પ્રવેશ સમિતિના સૂત્રોના માનવા મુજબ ચાલુ વર્ષે પણ ૩૦થી ૩૨ હજાર બેઠકો ખાલી પડે તેવી શક્યતા છે, કારણ કે, રેંક્કિંગ ધરાવતા વિદ્યાર્થીઓને ધો.૧૧-૧૨ કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવતું હોય છે. આ વર્ષે રેક્કિંગમાં પણ ગત વર્ષ કરતા ઘટાડો નોંધાયો છે. સી-૧, સી-૨ અને ડીમાં પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ છે.

# મ્યુનિ. સીટી ઈજનેરની ભરતી પ્રક્રિયામાં શરતો બદલાતા વિવાદ

**પ્રથમ વખત વિદેશી ડીગ્રીને માન્ય રખાશે**

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદ મ્યુનિ. કોર્પો.માં બે સીટી ઈજનેરની નિમણુંક મામલે પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. મ્યુનિ. કોર્પો.માં રોડ પ્રોજેકટ અને વોટર ડ્રેનેજ એમ બે અલગ અલગ વિભાગ માટે અલગ અલગ સીટી ઈજનેરની નિમણુંક કરવામાં આવશે. સદ્‌ર પ્રક્રિયામાં રોડ પ્રોજેકટમાં કોર્પોરેશનના જ અધિકારીઓમાંથી ભરતી થશે જયારે વોટર ડ્રેનેજ વિભાગમાં બહારની ભરતી કરવામાં આવશે પરંતુ તેમાં કોર્પોરેશનના અધિકારીઓ પણ અરજી કરી શકશે. આશ્ચર્યજનક બાબત એ છે કે લગભગ ૪ વર્ષ પહેલા વોટર ડ્રેનેજ સીટી ઈજનેર માટે જે શરતો રાખવામાં આવી હતી તેમાં આ વખતે મનસ્વી રીતે અને કોઈક ને સીધો ફાયદો થાય તે મુજબ ફેરફાર કરવામાં આવ્યા છે.

મ્યુનિ. કોર્પો.માં વોટર ડ્રેનેજ વિભાગના સીટી ઈજનેર તરીકે છેલ્લે એન.કે. મોદીની નિમણુંક ઈન્ટરવ્યુ પ્રક્રિયાથી થઈ હતી જેમાં માત્ર કોર્પોરેશનના જ ઈજનેર અધિકારીઓએ ભાગ લીધો હતો મ્યુનિ. કોર્પો.ની બહારના કોઈ પણ ઉમેદવારને તક આપવામાં આવી ન હતી પરંતુ આ વખતે બહારના ઉમેદવારોને પણ તક આપવામાં આવી છે અને ભરતી પ્રક્રિયા બહારથી કરવામાં આવશે તેવી જાહેરાત પણ થઈ છે જેના કારણે છેલ્લે મળેલી માહિતી મુજબ અંદાજે ૨૮ થી ૩૦ જેટલા ઉમેદવારોએ સીટી ઈજનેરના પદ માટે દાવેદારી કરી છે. જેમાં કોર્પોરેશનના અધિકારીઓ, રાજય સરકારના રોડ એન્ડ બિલ્ડિંગ ખાતાના અધિકારીઓ તથા અન્ય નગરપાલિકા અને મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અધિકારીઓએ પણ દાવેદારી કરી છે. સામાન્ય રીતે વોટર ડ્રેનેજ માટે સિવિલ ઈજનેરની લાયકાત માંગવામાં આવે છે છેલ્લે થયલ ભરતી પ્રક્રિયામાં પણ આજ લાયકાત રાખવામાં આવી હતી પરંતુ આ વખતે સિવિલ ઈજનેરની સાથે સાથે ઈલેકટ્રીકલ અને મીકેનીકલ એન્જીનીયરની લાયકાતને પણ ધ્યાનમાં લેવામાં આવશે તદ્‌ઉપરાંત વિદેશી ડીગ્રી મતલબ કે વિદેશમાં અભ્યાસ કરીને ડિગ્રી મેળવી હોય તેને પણ માન્ય રાખવામાં આવશે જેનો સીધો મતલબ એ થાય છે કે ક્યાંક કોઈના ભાણિયા-ભત્રીજાઓને ઠેકાણે પાડવા માટે થઈ લાયકાત અને શરતોમાં ફેરફાર કરવામાં આવી રહયો હોવાની ચર્ચા ચાલી રહી છે. મ્યુનિ. રોડ એન્ડ પ્રોજેકટ વિભાગમાં લગભગ ૧૩ વર્ષ બાદ સીટી ઈજનેરની ભરતી માટે પ્રક્રિયા કરવામાં આવી રહી છે તત્કાલીન સીટી ઈજનેર મહિડા નિવૃત્ત થયા બાદ રોડ-બ્રીજ પ્રોજેકટ માટે સીટી ઈજનેરની નિમણુંક કરવામાં આવી ન હતી પરંતુ તેમના સ્થાને પશ્ચિમ ઝોનમાં ફરજ બજાવતા એડીશનલ સીટી ઈજનેરને ઈન્ચાર્જ સીટી ઈજનેર તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો હતો જે તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી યથાવત રહયો હતો. રોડ પ્રોજેકટના સીટી ઈજનેર માટે અંદરથી ભરતી કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સિટી ઈજનેર ભરતી માટે શાસકોની મનમાની ચાલી રહી હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યની અન્ય મહાનગરપાલિકામાં સિટી ઈજનેરની ભરતી અંદરથી થાય છે જ્યારે અમદાવાદમાં વોટર ડ્રેનેજમાં બહારથી ભરતી કરવામાં આવી રહી છે જેના માટે રિક્રુટમેન્ટ રુલ્સની દુહાઈ આપવામાં આવે છે. પરંતુ આ રુલ્સની કોઈ સત્તાવાર કોપી હજી સુધી જાહેર કરવામાં આવી નથી.

## અમદાવાદમાં રૂા.૫૦ લાખની આંગડિયા લૂંટનો ભેદ ઉકેલાયો, બે આરોપી ઝબ્બે

**પાલનપુર અમદાવાદ,** શહેરના નવરંગપુરા વિસ્તારમાં એક આંગડિયા પેઢીના કર્મચારી પાસેથી ૫૦ લાખની લૂંટ ચલાવવાના ચકચારી બનાવનો ક્રાઈમબ્રાન્ચે ભેદ ઉકેલી નાખીને બે લૂંટારુઓને ઝડપી લીધા છે. તેમજ તેમની પાસેથી રૂ. ૩૫ લાખનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીઓને ઝડપી લઈને તેમના રિમાન્ડ મેળવવાની કવાયત આરંભી છે. પોલીસની તપાસમાં ચોંકાવનારા ખુલાસા થવાની શકયતા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના નવરંગપુરા વિસ્તારમાં સ્કૂટર ઉપર રોકડ લઈને બપોરના સમયે આંગડિયા પેઢીનો કર્મચારી સ્કુટર ઉપર જઈ રહ્યો હતો ત્યારે બાઈક ઉપર આવેલા બે શખ્સો લાખોની રોકડ ભરેલો થેલો લઈને ફરાર થઈ ગયા હતા. પોલીસે સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલવા માટે ઘટના સ્થળની આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કર્યા હતા. લૂંટારૂઓના વાહનને આધારે ૨૫ દિવસ સુધી સતત અમદાવાદ, મહેમદાવાદ, બારેજડી, દહેગામ રોડ, હિંમતનગર રોડ, કરાઈ રોડ વગેરે અમદાવાદ શહેરની બહારના રોડ પરના ૧૫૦ કિ.મી સુધીના રૂટ પર આશરે ૪૭૫થી વધુ સીસીટીવી ફૂટેજ પોલીસે ચેક કર્યા હતાં. સીસીટીવી ફૂટેજમાં જણાઈ આવેલા શંકાસ્પદ વાહનો અને વ્યક્તિઓના ફોટાના આધારે આ ગુનામાં વિશાલ સિંધીની ટુકડી દ્વારા ગુનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું જણાયું હતું. દરમિયાન પોલીસે દહેગામ રોડ હંસપુરા બસસ્ટેન્ડ પાસેથી વિશાલ સિંધીને ઝડપી લઈને તેની અંગજડતી લેવામાં આવી હતી.

વિઝીટનો કોઇ ચાર્જ નથી

વોટર પ્રુફીંગ સ્પેશિયાલિસ્ટ બ્રાઇટ મેજીક ઇટાલીયન માર્બલ પેસ્ટ

આપ ઘર-ઓફીસમાં કલર કરવા ઇચ્છો છો

- ધાબાનો અને ટાંકીનો લીકેજ કામખાતરી પૂર્વ કરી આપી છીએ.
- માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબુત કરવાનું કેમીકલ છે.
- દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે.
- માર્બલ પેસ્ટ કરવ્યા પછી ભેજ આવતો નથી.
- દર વર્ષે કરાવવું પડતું નથી. ૫-૧૦ વર્ષ આસાનીથી ચાલે છે

૫ વર્ષની વોરંટી

એક જ ફોન કરો માણસ તમારા ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઇનમાં બનાવી આપીએ છીએ.

અમદાવાદ : ૯૩૭૭૯૯૮૭૧૭, ૯૭૨૪૫૦૨૧૫૬, ૯૮૭૯૫૦૬૦૬૮

website : www.brightmegaicitalian.com

પેમેન્ટ ચેકથી કરવું.

ડુપ્લીકેટ માર્બલ પેસ્ટથી સાવધાન